નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫
ગૌણ વન પેદાશોના ટેકાના ભાવે ખરીદી અંગેની બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૩-ન.બા.૫૧-ધ

સચિવાલય, ગાંધીનગર.

તા. 2 AUG 2014

આદિજાતિ વિકાસ વિભાગ
ક્ર. ૧૫૬૨
તા. ૨૨/૮/૧૪

વંચાણે લીધા :-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૩/૦૬/૨૦૧૪નો પત્ર ક્રમાંક: અવક/વઅધ /૭૬/૨૦૧૪/FRA/૨૦૨

## ઠરાવ

ભારત સરકારના આદિજાતિ-બાબતોના મંત્રાલય દ્વારા ગૌણ વન પેદાશોના ટેકાના ભાવ નક્કી કરવા અને તે ભાવે આ પ્રેદાશોની ખરીદી કરવા અંગે નવી નીતિ નક્કી કરવામાં આવી છે. આ નીતિ અન્વયે બિન રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશોના ટેકાના ભાવ (MFP) ભારત સરકારની એજન્સી TRIFED દ્વારા નક્કી કરવામાં આવશે. આ નીતિના સંદર્ભે આદિજાતિ વિકાસ વિભાગ નોડલ વિભાગ અને ગુજરાત વન વિકાસ નિગમ એ અમલવારી એજન્સી રહેશે. આગામી પાંચ વર્ષમાં ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા આ નીતિ હેઠળ આશરે રૂ.૧,૦૦૦ કરોડના ખર્ચનું આયોજન છે. આ યોજના હેઠળ Revolving Fund, ગૌણ વન પેદાશોની ખરીદી અને વેચાણમાં નુકશાન થાય તે ભરપાઇ કરવા, ગૌણ વન પેદાશોના સંગ્રહ અને વેચાણ માટેની સુવિધાઓનું વિસ્તરણ, સ્થાનિક એકત્રીકરણ અને સંગ્રહ કરવાની સુવિધાઓ ઉભી કરવા, સ્થાનિક હાટ બજારોનું આધુનિકરણ, તાલીમ માટેના બહુ હેતુક કેન્દ્રો, Primary processing, Value addition in MFP and storage (Warehouse and Cold srorage) facilities ઉભી કરવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આ નીતિ અન્વયે ભારત સરકાર દ્વારા પ્રથમ બે વર્ષ માટે Working Capital તરીકે વિતરણ કેન્દ્રો, ગોડાઉન, હાટ વગેરે માટે ૭૫% ગ્રાન્ટ આપવામાં આવશે. ૨૫% ગ્રાન્ટ રાજ્ય સરકારે આપવાની થશે. ગુજરાત વન વિકાસ નિગમ દ્વારા ગૌણ વન પેદાશોના ટેકાના

Scanned by CamScanner

ભાવ મુજબ ખરીદી કરવામાં આવશે અને તેનું વેચાણ કરવામાં આવશે. આ પ્રકીયામાં નુકશાન જાય તો તે ભારત સરકાર અને રાજય સરકારએ અનુક્રમે ૭૫% અને ૨૫% ના ધોરણે ભોગવવાની રહેશે. સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં ગુજરાત વન વિકાસ નિગમને ગૌણ વન પેદાશોની ટેકાના ભાવે ખરીદનીતિ અન્વયે પ્રતિક જોગવાઇ કરવાની રૂ.૧૦૦ લાખની દરખાસ્ત સંદર્ભ-(૧)ના પત્રથી રજુ કરવામાં આવેલ છે. જેને પુખ્ત વિચારણાના અંતે નીચેની શરતોને આધીન વહિવટી મંજુરી આપવામાં આવે છે.

## શરતો

(૧) આ યોજનાનો અમલ ગુજરાત વન વિકાસ નિગમ મારફતે કરવાની હોઇ, સદરહુ નિગમ પાસેથી યોજના અંગેની વિગતવાર દરખાસ્ત મેળવીને તે આદિજાતિ વિકાસ વિભાગ મારફત ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયને મોકલીને મંજુરી મેળવવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને લોનની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) ભારત સરકાર તરફથી મળવાપાત્ર થતી ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે.

Scanned by CamScanner

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૬ આયોજન, મુખ્ય સદર ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર ૦૨ અનુ.આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના,પેટા સદર બીસીકે પ્રથમ વખત નવી યોજના (ગુજરાત વન વિકાસ નિગમને ગૌણ વન પેદાશોની ટેકાના ભાવે ખરીદી અંગે) હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૧૯/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
સંયુકત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

Scanned by CamScanner